# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-03-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે જોવા મળતા કૃષ્ણકમલ ફુલોના અદભૂત નજારાને નિહાળવાની પ્રવાસીઓને અપીલ કરી**
2) **ડાંગ અને બોટાદમાં ભાજપના કાર્યાલયના ખાતમૂહુર્ત પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટિલે લોકોને વરસાદી પાણીના સંગ્રહ કરવા અપીલ કરી**
3) **રાજ્યની કેટલીક શાળાઓમાં નબળા બાંધકામની મળેલી ફરિયાદોને આધારે શિક્ષણ રાજ્યમંત્રીએ ત્વરિત પગલાં લેવાના આદેશ આપ્યા**
4) **અમદાવાદમાં ચેટીચાંદની ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વિકાસમાં સિંધિ સમાજના યોગદાનની પ્રશંસા કરી**
5) **અંબાજી સહિતના યાત્રાધામોમાં ભક્તોની ભીડ વચ્ચે રાજ્યભરમાં ચૈત્રી નવરાત્રી અને ગુડી પડવાની શ્રધ્ધાપૂર્વક થઈ રહેલી ઉજવણી**

.............................................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MAAN KI BAAT-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમની 120મી કડીમાં રાજ્યના  એકતાનગરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આરોગ્ય વન, એકતા નર્સરી, વિશ્વ વન અને મિયાવાકી ફોરેસ્ટમાં મોટા પ્રમાણમાં જોવા મળતા કૃષ્ણકમલ ફુલનો ઉલ્લેખ કર્યો હતો.

**(BYTE :  PM MODI – STATUE OF UNITY)**

પ્રધાનમંત્રીએ ઘણા રાજ્યોમાં જળ સંરક્ષણ કાર્યને નવી ગતિ મળી છે તે અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે જળ સંચય – જન ભાગીદારી અભિયાન વધુને વધુ લોકોને જળ સંરક્ષણ સાથે જોડવા માટે ચલાવવામાં આવી રહ્યું છે.

**(BYTE: PM MODI – JAL SANCHAY_JAN BHAGIDARI)**

પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને આ ઉનાળાની રજાઓમાં નવા શોખ કેળવવા અને રચનાત્મક કાર્યો કરવા સલાહ આપી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાપડના કચરાને સમગ્ર વિશ્વ માટે ચિંતાનું મોટું કારણ ગણાવ્યું છે.

# MAAN KI BAAT-2

પ્રધાનમંત્રીએ દિલ્હીમાં પહેલીવાર આયોજિત ફિટ ઇન્ડિયા કાર્નિવલ વિશે પણ વાત કરી. ફિટ રહેવા અને ફિટનેસ પ્રત્યે જાગૃતિ ફેલાવવાના ધ્યેય સાથે વિવિધ ક્ષેત્રોના લગભગ 25 હજાર લોકોએ તેમાં ભાગ લીધો હતો. પ્રધાનમંત્રી મોદીએએ કહ્યું વિશ્વભરમાં યોગ અને પરંપરાગત દવાઓ પ્રત્યે જિજ્ઞાસા વધી રહી છે. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે મોટી સંખ્યામાં યુવાનો યોગ અને આયુર્વેદને સુખાકારી માટે ઉત્તમ માધ્યમ તરીકે અપનાવી રહ્યા છે. પ્રધાનમંત્રીએ મધ્યપ્રદેશના છિંદવાડા જિલ્લામાં મહુઆના ફૂલોમાંથી બિસ્કિટ કેવી રીતે બનાવવામાં આવે છે તે વિશે પણ વાત કરી. રાજાખોહ ગામની ચાર બહેનોના પ્રયાસોને કારણે આ કૂકીઝ ખૂબ જ લોકપ્રિય બની રહી છે.

# BOTAD-DANG BHAJAP KARYALAY

આદિવાસી જીલ્લા ડાંગ અને બોટાદના ગઢડામાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી આર પાટીલના હસ્તે ભાજપના મધ્યસ્થ કાર્યાલય કમલમનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ પ્રસંગે તેમની સાથે સંગઠન મંત્રી રત્નાકર પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ બંને કાર્યાલયમાં ઉદઘાટન પ્રસંગે સી આર પાટીલે જળસંગ્રહની વાતનો ઉલ્લેખ કરીને વરસાદી પાણીના સંગ્રહ કરવાની લોકોને અપીલ કરી હતી. તેમણે કેન્દ્ર સરકારના કેચ થ રેઇનના અભિયાનમાં સહભાગી થવા લોકોને અનુરોધ કર્યો હતો.

(BYTE: C R PATIL)

# PARFUL PANSURIYA

શાળાઓમાં નબળા બાંધકામને સહેજ પણ નહીં ચાલવાય તેવી તાકીદ કરીને કોઈ જિલ્લામાં ગેરવહીવટ કે ગેરરીતિની માહિતી મળશે તો રાજ્ય સરકાર કડકમાં કડક પગલા લેશે તેમ શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું. વિદ્યાર્થીઓને સુરક્ષા સાથે શિક્ષણ આપવાનું કાર્ય રાજ્ય સરકારની પ્રથમ પ્રાથમિકતા રહી છે તેવો ઉલ્લેખ કરીને શિક્ષણ રાજ્ય મંત્રીએ ઉમેર્યું કે જૂનાગઢ જિલ્લાની ખજૂરી હડમતીયા શાળાનો નબળો સ્લેબ તોડવાનો કામ શરૂ કરી દેવાયું છે. અગાઉ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના ભંડારીયા ગામે આવેલી સરકારી પ્રાથમિક શાળા તેમજ કામરેજ વિધાનસભાના દેરોદ ગામે નવીન આંગણવાડી કેન્દ્રના લોકાર્પણ પ્રસંગે બાંધકામની ગુણવત્તા નબળી જણાતા રાજ્ય મંત્રીએ ત્વરિત પગલાં લીધા હતા.

# CM CHETICHAND

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના નરોડામાં ચેટીચાંદની ઉજવણી નિમિત્તે શોભાયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે સિંધી સમાજે ગુજરાતની પ્રગતિમાં સક્રિય યોગદાન આપીને એક ભારત, શ્રેષ્ઠ ભારતના મંત્રને સાકાર કર્યો છે .

(BYTE : CM CHETI CHAND)

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા આયોજીત ચેટીચાંદ પર્વના સાંસ્કૃતિક કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રીશ્રીએ સિંધી પરિવારોને ચેટીચાંદ પર્વની શુભકામનાઓ પાઠવી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# CHETICHAND

રાજ્યમાં વસતા સિંધી સમાજના લોકો દ્વારા આજે શ્રી ઝુલેલાલ ભગવાનની જન્મજયંતિ ચેટીચાંદની ઉજવણી કરાઇ. વલસાડમાં સર્કિટ હાઉસથી ઝુલેલાલ મંદિર સુધી બાઇક રેલી કાઢવામાં આવી હતી. લોકોએ ભજન કીર્તન કરી ભગવાન ઝુલેલાલની પૂજા અર્ચના કરી હતી. આજે વિવિધ મંદિરોમાં મહાપ્રસાદની વ્યવસ્થા પણ કરાઇ હતી.

# NAVRATRI GUDI PADVA-1

આજથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ થયો છે. પ્રથમ નોરતે આજે પાવાગઢ અને બહુચરાજી શક્તિપીઠ સહિત રાજયભરના માઈ મંદિરોમાં ઘટસ્થાપન કરાયું હતું. આજે અંબાજી મંદિરમાં પણ ઘટસ્થાપનની વિધિ કરાઇ હતી. મંદિરમાં પરંપરા મુજબ 24 કલાક નવ દિવસ અખંડ ધુનનો પ્રારંભ થયો છે. ચૈત્ર નવરાત્રિને લઈને અંબાજી મંદિરને રંગબેરંગી ફૂલોથી શણગારવામાં આવ્યું છે. આ અંગે અમારાં જિલ્લા પ્રતિનીધી સવજી ચૌધરીનો અહેવાલ

**(BYTE : SAVAJI CHAUDHARY)**

અમારા સુરેન્દ્રનગર જિલ્લાના પ્રતિનીધી જણાવે છે ચોટીલા ખાતે આજે ચૈત્રી નવરાત્રીના પ્રથમ દિવસે ધર્મ જાગરણ સમન્વય દ્વારા ચોટીલા ડુંગર પરિક્રમાનું આયોજન કરવામાં આવ્યું હતું. અંગદાન અને સ્વચ્છતાના સંદેશ સાથે યોજાયેલી ડુંગર પરિક્રમામાં મોટી સંખ્યામાં ભાવિકોએ ભાગ લઈ ઉત્સાહભેર પરિક્રમા કરી હતી. પરિક્રમા પહેલા યોજાયેલી ધર્મ સભામાં જાણીતા લોકસાહિત્યકાર માયાભાઈ આહીર અને ભજનીક હેમંતભાઈ ચૌહાણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. નર્મદાના રાજપીપલામા પ્રાચિન મહાકાલી મંદિર અને હરસિદ્ધ માતાજી મંદિરે નવરાત્રિના પ્રથમ દિવસે ભક્તોની ભારે ભીડ ઉમટી હતી.

# NAVRATRI GUDI PADVA-2

રાજ્યમાં વસતા મહારાષ્ટ્રીયન લોકો દ્વારા આજે ગુડી પાડવાની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઇ રહી છે.

આજે ઘરે ઘરે આંબાના પાંદડાના તોરણ બંધાય છે. વિજયના પ્રતિકરૂપે આંગણમાં વાસ ઉપર લોટો તથા વિજય પતાકા લગાવાય છે. ડાંગ જિલ્લામાં ગુડી પાડવાની વિશેષ ઉજવણી કરાઈ હતી. આ દિવસે કડવા લીમડાનાં  પાન આરોગવામાં આવે છે.

# DGP CONFERECE

ઇદ તેમજ અન્ય તહેવારની ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં સર્જાય તે માટે ગુજરાત પોલીસ સજ્જ છે. રાજ્યના નાગરિકો સુરક્ષિત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં તહેવારોની ઉજવણી કરી શકે તે ઉદ્દેશ સાથે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તમામ પોલીસ કમિશનર અને પોલીસ અધિક્ષક સાથે ગઇકાલે એક વિડિઓ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. રાજ્ય પોલીસ વડા દ્વારા અપાયેલી સૂચનાઓના પ્રમાણે રાજ્યભરમાં પોલીસે સઘન પેટ્રોલિંગ શરૂ કરી દીધુ છે. આ ઉપરાંત વાહન ચેકિંગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે.

કોઇ અનિચ્છનિય ઘટના ન ઘટે તે માટે પોલીસ દ્વારા શાંતિ સમિતિની બેઠકો પણ બોલાવાઇ રહી છે. તેમજ તમામ સમાજના અગ્રણીઓ સાથે રાખીને તહેવારોની ઉજવણી શાંતિપૂર્ણ રીતે થાયે તે માટેની કામગીરી કરવામાં આવી રહી છે.

ડીજીપીએ ભીડભાડવાળી જગ્યાઓ અને ધાર્મિક સંસ્થાઓ પાસે જરૂરી બંદોબસ્ત ગોઠવી દીધો છે. સંવેદનશીલ સ્થળોએ પૂરતી પોલીસ ફોર્સ તેનાત કરવામાં આવી રહી છે. ખોટી માહિતી અને અફવાઓને રોકવા માટે સોશિયલ મીડિયા મોનિટરિંગ પણ કરવામાં આવી રહ્યું છે.

# SUNDAY ON A BICYCLE

કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખ માંડવીયાના વડપણ હેઠળ આજે સવારે જૂનાગઢમાં સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગિરનાર દરવાજાથી ભવનાથ તળેટી, દામોદર કુંડ સુધીની સાયકલ રેલીમાં કેન્દ્રીય મંત્રીની સાથે અનેક લોકો જોડાયા હતા.

આ પ્રસંગે શ્રી માંડવિયાએ જણાવ્યું કે,વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે દેશનો દરેક નાગરિક સ્વસ્થ હોય તે ખૂબ આવશ્યક છે. આ માટે સન્ડે ઓન સાયકલ ઝૂંબેશ ચલાવવામાં આવી રહી છે. પ્રત્યેક નાગરિક રવિવારના રોજ એક કલાક સાયકલ ચલાવે તો તેમનું સ્વાસ્થ્ય સુધરશે.

# GAJENDRA SHEKHAVT- DAMAN

કેન્દ્રીય પ્રવાસન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં સેલવાસ ખાતે નમો મેડિકલ કોલેજની મુલાકાત લીધી હતી. તેમણે વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી પોતાના અનુભવો શેર કર્યા હતા. ત્યારબાદ, તેમણે કોલેજ કેમ્પસમાં પુસ્તકાલય, પ્રયોગશાળા, અને અન્ય શૈક્ષણિક સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતી. શ્રી શેખવાતે સેલવાસની સરકારી શાળાની પણ મુલાકાત લીધી હતી.

# IPL

આઇપીએલ ક્રિકેટમાં વિશાખાપટ્ટનમમાં આજે દિલ્હી કેપિટલ્સે સનરાઇઝ હૈદરાબાદને સાત વિકેટથી હરાવ્યું છે. સનરાઇઝ હૈદરાબાદે ટોસ જીતીને બેટીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. 18.4 ઓવરમાં 163 રન બનાવીને સનરાઇઝ હૈદરાબાદ ટીમ ઓલઆઉટ થઇ ગઇ હતી. 164 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં દિલ્હી કેપિટલ્સે 16 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 166 રન કરતાં સાત વિકેટ વિજય મેળવ્યો હતો.

બીજી અન્ય મેચમાં ગૌહતીમાં રાજસ્થાન રોયલ્સ અને ચેન્નાઇ સુપર કિંગ્સ વચ્ચે થોડીવારમાં મેચ શરૂ થશે. ચૈન્નઇ સુપર કિંગ્સે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી છે.

# FOOTBALL

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત **અંડર 17 બોયસ યૂથ લીગ**ની આજે રમાયેલી ફાઇનલ મેચમાં એસજીવીપી ફૂટબોલ ક્લબ ચેમ્પિયન બની હતી જ્યારે એઆરએ એફસી રનર અપ રહી હતી.

ગત 20મી ઓક્ટોબરથી શરૂ થયેલી અને દર વીક એન્ડમાં રમાડવામાં આવેલ, ટુર્નામેન્ટમાં ગુજરાતની 13 ટીમને ભાગ લીધો હતો અને દરેક ટીમને 12-12 મેચ રમાડવામાં આવી હતી.

ત્રીજા સ્થાન માટે એસએજી ફૂટબોલ એકેડેમી અને સીવાય જીએનયુએસ સ્પોર્ટ્સ અકેડમી વચ્ચેની મેચામાં એસએસજી ફૂટબોલ એકેડમીનો વિજય થયો હતો.